Wednesday
14.12.2022
*Volume :7 * Issue No.134
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# પ્રધાનમંત્રી ૧૪મી ડિસેમ્બરે અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજશતાબ્દી મહોત્સવના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લેશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૪મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં સાંજે ૫:૩૦ વાગ્યે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લેશે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક માર્ગદર્શક અને ગુરુ હતા જેમણે સમગ્ર ભારત અને વિશ્વમાં અસંખ્ય જીવનોને સ્પર્શ્યા હતા. તેઓ એક મહાન આધ્યાત્મિક નેતા તરીકે વ્યાપકપણે આદર અને પ્રશંસા પામ્યા હતા. તેમનું જીવન આધ્યાત્મિકતા અને માનવતાની સેવા માટે સમર્પિત હતું. BAPS સ્વામિનારાયણ સંસ્થાના નેતા તરીકે, તેમણે અસંખ્ય સાંસ્કૃતિક, સામાજિક અને આધ્યાત્મિક પહેલોને પ્રેરણા આપી, લાખો લોકોને આરામ અને સંભાળ પૂરી પાડી. પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી વર્ષમાં વિશ્વભરના લોકો તેમના જીવન અને કાર્યની ઉજવણી કરી રહ્યા છે.

BAPS સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ, જે BAPS સ્વામિનારાયણ સંસ્થાનું વિશ્વવ્યાપી મુખ્યમથક છે, તેના દ્વારા આયોજિત કરવામાં આવનાર 'પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'માં વર્ષભરની વિશ્વવ્યાપી ઉજવણીની સમાપ્તિ થશે. તે એક મહિના લાંબી ઉજવણી હશે જે અમદાવાદમાં ૧૫મી ડિસેમ્બર ૨૦૨૨ થી ૧૫મી જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન યોજાશે, જેમાં દૈનિક કાર્યક્રમો, વિષયોનું પ્રદર્શન અને વિચાર પ્રેરક પૅવેલિયન દર્શાવવામાં આવશે. BAPS સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના ૧૯૦૭માં શાસ્ત્રીજી મહારાજ દ્વારા કરવામાં આવી હતી. વેદના ઉપદેશોના આધારે અને વ્યવહારિક આધ્યાત્મિકતાના આધારસ્તંભો પર સ્થાપિત, BAPS આજના આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક પડકારોને પહોંચી વળવા દૂર દૂર સુધી પહોંચે છે. BAPSનો ઉદ્દેશ્ય વિશ્વાસ, એકતા અને નિઃસ્વાર્થ સેવાના મૂલ્યોનું જતન કરવાનો છે અને જીવનના તમામ ક્ષેત્રોના લોકોની આધ્યાત્મિક, સાંસ્કૃતિક, ભૌતિક અને ભાવનાત્મક જરૂરિયાતો પૂરી પાડે છે. તે વૈશ્વિક આઉટરીચ પ્રયાસો દ્વારા માનવતાવાદી પ્રવૃત્તિઓ કરે છે.




## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું મહર્ષિ અરબિંદોની ૧૫૦ મી જન્મ જયંતિ ઉપલક્ષ્યમાં આયોજીત કાર્યક્રમમાં વિડીયોકોન્ફરન્સિંગ દ્વારા પ્રેરણાદાયી સંબોધન

### મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી સમારોહમાં સહભાગી થયા









કમલમ્ ન્યુઝ,


મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ મહર્ષિ અરબિંદોની ૧૫૦મી જન્મ જયંતિના ઉપલક્ષ્યમાં તા. ૧૩ ડિસેમ્બર-૨૦૨૨નારોજ આયોજિત સમારોહમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિડીયો કોન્ફરન્સ સંબોધનમાં ગાંધીનગરથી સહભાગી થયા હતા. ભારતની સ્વતંત્રતા ચળવળમાં વિચારશીલ નેતૃત્વ અને દેશની આઝાદી માટે શ્રી અરબિંદોની ભૂમિકાની યાદમાં વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતીમાં આ અવસરે ટપાલ ટિકીટ તેમજ સ્મૃતિ કોઈન સીક્કાનું વિમોચન પણ કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને મહર્ષિ અરબિંદોની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંગેની વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતીના સભ્ય તરીકે આ સમારોહમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા પાઠવવામાં આવ્યુ હતું શ્રી ભૂપેન્દ્ર પટેલ આ આમંત્રણનો સ્વીકાર કરીને ગાંધીનગર મુખ્યમંત્રી કાર્યાલયથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા આ સમારોહમાં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કૈલાસનાથન તેમજ યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમત-ગમત વિભાગના અગ્ર સચિવશ્રી અશ્વિનીકુમાર આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે મહર્ષિ શ્રી અરબિંદો ૧૮૯૩થી ૧૯૦૬ એટલે કે ૧૩ વર્ષ જેટલા સમય સુધી ગુજરાતના વડોદરામાં રહ્યા હતા આ સંદર્ભમાં, રાજ્ય સરકારે પણ અરબિંદોની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના રાજ્યવ્યાપી આયોજન માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યસ્તરીય સમિતીની રચના કરેલી છે એટલું જ નહિ, રાજ્ય સરકારના યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમત-ગમત વિભાગ દ્વારા આ ઉજવણી અંગેના વિવિધ કાર્યક્રમો જન સહભાગીતાથી હાથ ધરવાનું વિસ્તૃત કાર્ય આયોજન પણ કરવામાં આવ્યુ છે.


## સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન રાજ્યપાલશ્રીએ ભોજનાલય-સ્વચ્છતા સંકુલો અને છાત્રાલયની મુલાકાત લીધી : લેડી ગવર્નર પહોંચ્યા કન્યા છાત્રાલય

### મહાત્મા ગાંધીના આદર્શોને વરેલી વિદ્યાપીઠમાં સ્વચ્છતા સંકુલો અને છાત્રાવાસની જર્જરીત અને દયનીય હાલત તેમજ ગંદકી જોઈ વ્યથિત થતા રાજ્યપાલશ્રી











**રાજ્યપાલશ્રીએ તત્કાલ મરામત કાર્ય કરવા અને સ્વચ્છતાનો પ્રબંધ કરવા કુલનાયક અને રજિસ્ટ્રરને અનુરોધ કર્યો : વિદ્યાર્થીઓને સ્વચ્છાગ્રહી બનવા રાજ્યપાલશ્રીનું આહ્વાન**

**રાજ્યપાલશ્રીએ લેડી ગવર્નર સાથે ગુજરાત વિદ્યાપીઠની અચાનક મુલાકાત લઈ જાત તપાસ કરી**

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવી સાથે ગુજરાત વિદ્યાપીઠની બપોરે ૪-૦૦ કલાકે અચાનક જ મુલાકાત લઈ, અહીં ભોજનાલય, સ્વચ્છતા સંકુલો અને છાત્રાવાસની સરપ્રાઈઝ વિઝિટ કરી હતી. મહાત્મા ગાંધીના આદર્શોની વરેલી ગુજરાત વિદ્યાપીઠમાં સ્વચ્છતા સંકુલો અને છાત્રાવાસની જર્જરિત અને દયનીય હાલત તેમજ અપાર ગંદકીને નિહાળી રાજ્યપાલશ્રીએ અત્યંત દુઃખ વ્યકત કર્યું હતું. તેમણે વ્યથા રજૂ કરતા જણાવ્યુ હતું કે મહાત્મા ગાંધીજીના આદર્શોને વરેલી આ સંસ્થામાં જ ગંદકી અને જર્જરીત હાલત જોઈ મન દ્રવી ઉઠે છે. ગાંધીજીના સ્વચ્છતાના આગ્રહનું અહીં પાલન થાય તે માટે રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું. રાજ્યપાલશ્રી અચાનક જ કુમાર છાત્રાલયમાં પહોંચ્યા હતા અને વિદ્યાર્થીઓને રૂમમાં જ મળ્યાં હતા. તેમણે અહીં સ્વચ્છતા તેમજ ઉપલબ્ધ સુવિધાની માહિતી મેળવી હતી, જ્યારે લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવી મહિલા છાત્રાલય પહોંચ્યા હતા અને અહીંની ગંદકી અને જર્જરીત-દયનીય હાલત જોઈને દુઃખ વ્યક્ત કર્યું હતું. એટલું જ નહીં વિદ્યાર્થીનીઓને સ્વચ્છતા માટે સમૂહશ્રમ કરવા અનુરોધ પણ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ આ તકે વિદ્યાપીઠના કુલનાયક શ્રી રાજેન્દ્ર ખીમાણી તેમજ કાર્યકારી રજિસ્ટ્રાર શ્રી નિખિલ ભટ્ટને તાત્કાલિક મરામત કાર્ય હાથ ધરવા અને સ્વચ્છતાનો પ્રબંધ કરવા ભારપૂર્વક અનુરોધ કરી પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ અહી છાત્રાવાસમાં વસતા વિદ્યાર્થીઓને પણ સ્વચ્છાગ્રહી બનવાનો આગ્રહ કરી ગુજરાત વિદ્યાપીઠને ગાંધીજીના સપનાનું શિક્ષણ સાધનાનું આદર્શ સ્થાન બનાવવા અનુરોધ કર્યો હતો.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સતત બીજીવાર રાજ્યનું જનસેવા દાયિત્વ સંભાળ્યું

### મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં દાદા ભગવાન, સીમંધર સ્વામીની પૂજા-અર્ચના કરી 'સહુજન હિતાય સહુજન સુખાય'ની ખેવના સાથે કાર્યભાર સંભાળતા શ્રી ભૂપેન્દ્ર પટેલ









કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન મેળવીને સતત બીજીવાર મુખ્યમંત્રીપદનો કાર્યભાર મંગળવારે તા. ૧૩મી ડિસેમ્બરે સવારે શુભ મૂહુર્તમાં વિધિવત સંભાળ્યો છે. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં શ્રી ભૂપેન્દ્ર પટેલે સીમંધર સ્વામીની મૂર્તિ તથા પૂજ્ય દાદા ભગવાનના શ્રીચરણોમાં ભાવપૂષ્પ અર્પણ કરીને રાજ્યનું જનસેવા દાયિત્વ આજથી સંભાળી લીધું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રાજ્ય મંત્રીમંડળના નવનિયુક્ત મંત્રીશ્રીઓ પણ પૂજન-અર્ચનમાં સહભાગી થયા હતા. મુખ્ય મંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સમગ્ર મંત્રીમંડળે સહુજન હિતાય-સહુજન સુખાયની ખેવના તેમજ 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ધ્યેયમંત્ર સાથે આજે મંગળવાર તા. ૧૩મી ડિસેમ્બરથી જ પોતાના પદભાર સંભાળ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ નવનિયુકત સૌ મંત્રીશ્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને રાજ્યના ઉત્તરોત્તર અવિરત વિકાસમાં તેમનું યોગદાન મળતું રહે તેવી મંગળકામનાઓ વ્યક્ત કરી હતી.

